# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ખેડુત દિન (ડાંગર) ની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ડાંગર પાકમાં એડેપ્ટીવ રીસર્ચ ટ્રાયલ હેઠળ આપેલ મશીનથી ડાંગરની રોપણી  નિદર્શન અન્વયે તા.૨૫.૧૧.૨૦૧૬ ના રોજ પલોલ ગામે ખેડુતદિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૩૦ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. આજુબાજુના ડાંગરની ખેતી કરતા ખેડુત ભાઇઓને ડાંગરની મશીનથી રોપણીની જરૂરીયાત અને તેના લાભો પરત્વે કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. જી.જી. પટેલે માહિતી આપી. શ્રી વાય.સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ ડાંગરની મશીનથી રોપણી પધ્ધતિ માટે જરૂરી તૈયારીઓ તેમજ તેનાથી થતાં ફાયદાઓ અંગે માર્ગદર્શન કરી તેના નિદર્શન દ્વારા તફાવત બતાવેલ અને ડાંગરમાં વધુ ઉત્પાદન માટે પ્રેરણા પુરી પાડેલ વધુમાં તારાપુર તાલુકાના પ્રગતીશીલ ખેડૂત મહેન્દ્રભાઇ પટેલ અને પલોલ ગામના પ્રગતીશીલ ખેડૂત અમીતભાઈ પટેલે પોતાના ખેતરે કરેલ ડાંગરની મશીનથી રોપણી વિષે પોતાના પ્રતિભાવો રજૂ કરેલ. સંપૂર્ણ કાર્યક્રમનુ સંચાલન તેમજ આભાર વિધિ કે.વિ.કે. ના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતિ અમિતાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ.




